

ઋતુચક્ર પ્રમાણે મોસમની સાથે પ્રકૃતિ પણ રંગ બદલે છે. પ્રસ્તુત તસવીરમાં આંબાના વૃક્ષને આવેલા 'મોર'થી આખો આંબો ખીલી ઉઠયો છે. મોર આવે તે ઋતુચક્ર પ્રમાણે સ્વાભાવિક છે. મોર અને તેની મોસમ આવતા, મોરને જોતા જાણે એવું લાગે છે કે દર વર્ષ કરતા આ વર્ષે દેશી કેરીનો પાક સારો મળશે તેવું દેશી આંબા ઉપરથી જોઈ શકાય છે. **(સંજય રાવલ, પ્રાંતિજ)**

# ડીસામાં ઉછીના પૈસા ન આપતાં યુવક પર છરી વડે ઘાતક હુમલો થતાં ચકચાર

## ઘાયલ યુવકને સારવાર અર્થે ખસેડાયો : બે શખ્સો સામે ફરિયાદ નોંધાઈ

ડીસા, તા. ૩

ડીસા-પાટણ હાઈવે પરના ગ્રીનસીટી પાસે બે યુવકોએ એક વેપારી પાસે રૂ. પાંચ હજારની માંગણી કરતાં વેપારીએ પૈસા આપવાની ના પાડતાં બન્ને યુવકોએ ઉશ્કેરાઈ જઈ વેપારી ઉપર છરી વડે ઉપરા છાપરી ઘા કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડાયો હતો. આ અંગે પોલીસે ઈજાગ્રસ્તની ફરીયાદના આધારે બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડીસા શહેર પોલીસમથકના પોલીસ સ્ટેશન ઓફીસર ઐયુબખાનના જણાવ્યા મુજબ, ડીસા-પાટણ હાઈવે પર આવેલા શુભમ પાર્ટી પ્લોટની પાસે આવેલ ગ્રીનસીટી સોસાયટીમાં રહેતા નરેન્દ્રકુમાર મનહરલાલ પઢિયાર (માળી) શુક્રવારે રાત્રિના સાડા અગિયારેક વાગ્યાના સુમારે હાઈવે પરથી ઘર તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન શુભમ પાર્ટી પ્લોટ પાસે ઉભેલ બે શખ્સોએ નરેન્દ્રકુમાર પઢિયાર પાસે રૂ. પાંચ હજારની માંગણી કરી હતી. જેથી વેપારીએ પૈસા આપવાની ના પાડતાં બન્ને શખ્સોએ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલી છરીના ઉપરા છાપરી ઘા મારી નરેન્દ્રકુમારને ગંભીર ઈજાઓ પહોંચાડતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે નરેન્દ્રકુમાર મનહરલાલ માળીએ ડીસા શહેર પોલીસમથકે અંકિત તેમજ બંટી ઝાલા (બંને રહે. શિવધામ સોસાયટી, શુભમ પાર્ટી પ્લોટની પાસે, ડીસા) સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી. કલમ ૩૦૭, ૫૦૪ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં વેરા વસૂલાત ઝુંબેશ દરમિયાન પાણીના ૧૦ જોડાણો કપાયા

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા નગરપાલિકામાં નવા નિમાયેલા ચીફ ઓફિસરે નગરપાલિકામાં આવતા સ્ટેશન રોડ વિસ્તારમાં એકાએક કડક હાથે કામ લઈ ભારે સપાટો બોલાવ્યો હતો અને નગરપાલિકામાં બાકી પાણી વેરો ન ભરનાર ૧૦ લોકોના પાણીના કનેકશન કાપી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્માં તાલુકામાં સ્થિત નગરપાલિકાભવનના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી વેરા વસૂલાત ઝુંબેશ ચલાવી રહ્યા છે ત્યારે આ મામલે ઘણા બાકીદારોએ પાણીનો વેરો હજુ સુધી ભર્યો નથી. આથી નગરપાલિકામાં નવા વરાયેલા નગરપાલિકાના ચીફ ઓફિસર અજય પ્રકાશે આ મામલે લાલ આંખ કરી નગરના સ્ટેશન વિસ્તારમાં સપાટો બોલાવી દીધો હતો અને સ્ટાફના માણસોને મોકલી આ વિસ્તારના ૧૦ જૂના બાકીદારોના ઘેર પહોંચી તેમના પાણીના કનેક્શન કાપી નાખ્યા હતા અને બાકી વેરા તાત્કાલિક ભરી જવા જણાવ્યું હતું જેથી બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. આ ઉપરાંત ગુમાસ્તાધારાનું લાઈસન્સ રીન્યુ ન કરાવ્યું હોય તેમને નોટીસ ફટકારવામાં આવશે તંત્રએ આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુર-આબુ હાઈવે પર નિર્દોષ નિલગાયનો શિકાર

પાલનપુર, તા. ૩

પાલનપુર-આબુ હાઈ-વે પર મલાણા ગામ પાસે શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ નિલગાયનો ફાયરીંગ કરી શિકાર કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર-આબુ હાઈ-વે પર મલાણા ગામ નજીક હડમતીયા મંદિર પાસે ગતરોજ કેટલાક અજાણ્યા શખ્સોએ ફાયરીંગ કરી એક નિલગાયનો શિકાર કર્યો હતો. આ શખ્સો વહેલી સવારથી જ ઊંટ અને બાઈક પર નિલગાયનો શિકાર કરી રહ્યા હતા. અને મોકો મળતા જ ગોળી મારી હતી ત્યાંથી તે નિલગાય નજીકમાં આવેલ પરથીભાઈ મોઘાભાઈના ખેતરમાં પહોંચી હતી. બાદમાં શિકારીઓ નાસી છૂટ્યા હતા. આ સમગ્ર મામલે વનવિભાગને જાણ કરતાં તેમણે તપાસ હાથ ધરી શિકારીઓની શોધખોળ હાથ ધરી છે.

# ભાખર મોટી ગામે વિકાસના કામ કર્યા વિના ગ્રાન્ટ હડપ કરવાનો પ્રયાસ

દાંતીવાડા, તા. ૩

દાંતીવાડા તાલુકાના ભાખર મોટી ગામે સરક્ષણ દિવાલ અને ઈ.ટી.વી.ટી રોડ બનાવવા માટે મોટી રકમના ચેક સરકાર દ્વારા ઈસ્યુ કરાયા છે. પરંતુ સ્થળ ઉપર કામ ન થતા પંચાયતના સભ્યો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી ચેકના નાણાં રોકવા માટે રજુઆત કરવામાં આવી છે.

દાંતીવાડા મોટી ભાખર ગામે ૭ લાભાર્થીઓના ઘર પાછળ પુર સરક્ષણ દિવાલ બનાવવા બે જગ્યાએ ઈ.ટી.વી.ટી રોડ બનાવવા કુલ રૂા.૭,૪૭,૮૯૬/- રૂપિયાના ચેક સરકાર દ્વારા ઈસ્યુ કરાયા છે. પરંતુ એક પણ જગ્યાએ કામ થયુ નથી છતા ગ્રામ પંચાયતના સત્તાધીશો આ ચેકો વટાવવા માટે કાર્યવાહી થઈ રહી છે. એટલે ગ્રામ પંચાયતના સદસ્ય ઘેમરજી મણીસીંગ વાઘેલા તેમજ ખેમસીંગ સોનસીંગ વાઘેલા, લક્ષ્મીબેન ખુશાલજી વાઘેલા, મફીબેન સામતાસીંહ રામસણા, અલવરસીંહ ડામરાજી ધુંખ, હરીજન ભખાજી દેવાજી, રબારી અમરત માધા દ્વારા આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાઈ છે. અને આ બાબતે સ્થળ ઉપર તપાસ હાથ ધરી ચેકો ના નાણાં અટકાવી દેવામાં આવે અને મોટી રકમનો ભ્રષ્ટાચાર અટકાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ બાબતે તા.૨૭/૨/૨૦૧૩ ના રોજ સરકારના જુદાજુદા વિભાગોમાં રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યુ છે.

# હિંમતનગરના સુપર સ્પેશ્યાલીટી કેમનો ૯૭ લોકોએ લાભ લીધો



હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરના પોલો ગ્રાઉન્ડમાં આવેલ માણેકકૃપા સ્કુલમાં રવિવારના રોજ નારાયણા હદયાલયા હોસ્પિટલ અને હિમતનગર લાયન્સ ડાયાબીટીસ સેન્ટર તથા ઈકરા ફાઉન્ડેશન ધ્વારા સુપર સ્પેશ્યાલીટી કેમ્પ યોજાયો હતો જેમાં અમદાવાદ ના નિષ્ણાત તબીબો હદય રોગ ડૉ .સુમિત ધીર, હાડકા અને સાંધા ના ડૉ જૈમીન વસી, મો અને ગાળાના કેન્સરના ડૉ. ગીરીશ શેટકર ઉપરાંત ડૉ નિરવ ત્રિવેદી, ધ્વારા રોગનું નિદાન અને તે અંગે સલાહ આપવામાં આવી હતી. આ અંગે હિમતનગર લાયન્સ ડાયાબીટીસ સેન્ટર -ેજેક્ટ ચેરમેન અને ટ્રસ્ટી - કાંતિભાઈ શાહ (મોન્ટેજ લેબવાળા )એ જણાવેલ કે આ કેમ્પનું આયોજન ઈકરા ફાઉન્ડેશન ચેરમન યુસુફ સાબુગરએ કર્યુ હતું. પરંતુ તેમનું હદય રોગ ના હુમલા થી અચાનક અવસાન થતા તેમનું અધૂરું સપનું આજે પૂર્ણ કરવામાં આવ્યું હતું આ કેમ્પ માં માત્ર નજીવી ટોકન ફી લઈ ને અમદાવાદ ના નિષ્ણાત તબીબો ધ્વારા કેન્સર ૮ મળી કુલ ૯૭ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પ ટ્રસ્ટી - રમેશભાઈ શાહ, સિકંદરભાઈ સુમરા, વનરાજ ભાટી, કુરશીદ અન્સારી, દીપક વાઘેલા, જાનુભાઈ લાકડીવાલા અને મોન્ટેજ લેબનો સ્ટાફ સહીતના એ આ કેમ્પને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# અણસોલ ગામ નજીક બાઈક ડિવાઈડર સાથે ટકરાતા ચાલકાનું મોત

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જીલ્લા ના ભિલોડા તાલુકા ના અણસોલ ગામ નજીક શનિવાર ના રોજ બપોર ના સુમારે બાઈક ચાલક એ અચાનક કાબુ ગુમાવતા બાઈક ડિવાડર સાથે ટકરાતા ચાલક નું મોત નીપજયું હતું જયારે એક ને ઈજા થવા પામી હતી આ અંગે પોલીસ મથકે મેરાવાડા ગામ ના બદાભાઈ દીતાજી ગામેતી એ ફરિયાદ નોધાવી હતી.

ભિલોડા તાલુકા ના મેરાવાડા ગામ ના ૩૦ વર્ષીય કલ્પેશભાઈ અર્જુનભાઈ ગામેતી અને ફરિયાદી બદાભાઈ નો ભાણીયો સચિન બંને જણા શનિવાર ના રોજ બપોર ના ૧.૩૦ વાગે ના સુમારે બાઈક નંબર GJ -૯-AP -૮૨૦૨ લઈ ને રતનપુર થી ઘરે પરત આવી રહ્યા હતા દરમિયાન નેશનલ હાઈવે -૮ પર આવેલ અણસોલ ની -ાથમિક શાળા પાસે બાઈક ચાલક કલ્પેશભાઈ એ બાઈક પર અચાનક કાબુ ગુમાવી દેતા રોડ પર ના ડિવાડર સાથે ટકરાઈ ગયા હતા પરિણામે શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજયું હતું જયારે સચિન ને શરીરે ઈજાઓ થવા પામી હતી.

# વલ્લભ વિદ્યાનગરનો ૬૮મો સ્થાપના દિવસ આનંદોલ્લાસભેર ઉજવાયો

ગાંધીનગર, તા. ૩

ચારુતર વિદ્યામંડળના આદ્ય સ્થાપકો પૂ. ભાઈકાકા અને પૂ. ભીખાભાઈએ ૩ માર્ચ ૧૯૬૪ના રોજ જે વેરાન ભૂમિ પર વસવાટ શરૂ કરીને વલ્લભ વિદ્યાનગર જેવી બેનમૂન શિક્ષણનગરીને વિકસાવી એની સ્થાપનાના ૬૮માં વર્ષે રવિવારે વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં ચારુતર વિદ્યામંડળના મુખ્યાલય સંકુલમાં આનંદોલ્લાસ વચ્ચે સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.



આ સમારંભના અધ્યક્ષ સ્થાનેથી મંડળના વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ પૂર્વસૂરિયો ભાઈકાકા, ભીખાભાઈ અને ડૉ. એચ.એમ. પટેલના ભવ્ય યોગદાનને અંજલિ અર્પતા તેમણે આરંભેલા શિક્ષણયજ્ઞની જ્યોતને સૌ સાથીઓ સભાસદો દાતાશ્રીઓ અને શિક્ષકો અધ્યાપકોના સાથ સહયોગથી પ્રજલિત રાખી હોવાનું જણાવ્યું હતું અને આવતા વર્ષોમાં પણ સૌના સહકારથી અધિસ્થાપકોના સ્વપ્નોને સાકાર કરવાની દિશામાં આગળ વધવાનો સંકલ્પ એમણે જાહેર કર્યો હતો. સમારંભમાં વિવિધ પૌરાણિક સંસ્થાઓના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો અને નગરજનો સહિત નિવૃત્ત કર્મચારી અધિકારી અને રાષ્ટ્રીય તેમજ રાજ્યસ્તરે વિવિધ ઉપલબ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સી.વી.એમ.ના પ્રમુખ પ્રયાસ્વિનભાઈને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સી.વી.એમ.ના પ્રમુખ પ્રયાશ્વિનભાઈ પટેલે શિક્ષણક્ષેત્રે દેશ-વિદેશમાં નવી નવી પદ્ધતિઓ વિકસી રહી હોય ત્યારે બદલાતી જતી દુનિયાની સાથે આપણે પણ બદલાતા જવું અને નવા પડકારોને પહોંચી વળવા સજ્જ રહેવું પડશે. તેમજ વિમાનોની મરામત માટેના નિષ્ણાંતો તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો શરૂ કરવાનું સૂચન કર્યું હતું અને વિદેશમાંથી આવા નિષ્ણાંતોને તેડાવવાને બદલે ઘર આંગણે આવી જરૂરિયાતોને પહોંચી વળવા પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે મંડળના પ્રમુખ પ્રયાશ્વિનભાઈ પટેલ, મુખ્ય અતિથિ પદે હેમન્તભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના મંત્રી જિજ્ઞેશ પટેલ આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રિ. શનુભાઈએ કર્યું હતું.



# એસ.ટી.ના મહેસાણા વિભાગમાં કર્મચારીઓની ઘટથી ભારે હાલાકી

મહેસાણા, તા. ૩

મહેસાણા એસ.ટી. વિભાગમાં છેલ્લા ઘણા વખતથી ડ્રાઈવર, કડંકટર, કારકૂન, મિકેનીકલ સ્ટાફ તેમજ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓને કારણે એસ.ટી. બસોના સંકલનમાં તેમજ વહવટી કામગીરીમાં ઘણી મુશ્કેલી ઉભી થઈ છે.

મહેસાણા એસ..ટી. વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રાઈવર, કડંકટર વર્ગના કર્મચારીઓની ભરતી કરવામાં આવી નથી. જેથી અત્યાર સુધીમાં ઘણા કામદારો નિવૃત્ત થવાથી હાલમાં સમગ્ર વિભાગમાં ડ્રાઈવરો અને કંડકટરોની ઘટ પડી છે. પરિણામે આ વિભાગ હસ્તકના મહેસાણા, ઊંઝા, કડી, કલોલ, વિસનગર, ખેરાલુ, પાટણ, વડનગર, ચાણસ્મા, હારીજ, બેચરાજી ડેપોમાં શિડયુલ બસોના દૈનિક સંચાલનમાં ભારે મુશ્કેલી ઉભી થઈ છે. આ સાથે કારકુન વર્ગના કર્મચારીઓની પણ કોઈ ભરતી ન થતાં વિભાગમાં અંદાજે ૮૦ થી ૮૫ કારકૂનોની જગ્યાઓ ખાલી પડેલ છે. આ ઉપરાંત વર્કશોપ વિભાગમાં પણ મિકેનીકલ સ્ટાફની અછત સર્જાય છે. લાઈન ચેકીંગ સ્ટાફના મોટાભાગના અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થતાં લાઈન ચેકીંગની કામગીરી કરવી મુશ્કેલ બની ગયેલ છે. વહીવટી કામગીરી પર પણ ભારે વિપરીત અસર પડી છે. એક કર્મચારીને બેવડી કે ત્રેવડી ફરજ બજાવવી પડે છે. જેથી તેઓને કામનું ભારણ વધી ગયેલ છે. એસ.ટી. તંત્ર દ્વારા વિવિધ સ્થાનોની ખાલી પડેલ અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાના પ્રમાણમાં ભરતી ન થતાં બસોના સંચાલનમાં તેમજ વહીવટી કામગીરી પર માઠી અસર પડી છે. ગુજરાત એસ.ટી. નિગમની મધ્યસ્થ કચેરી દ્વરા જે ભરતી થાય છે તે અપૂરતી હોય છે જેનાથી માત્ર બે વિભાગોમાં જ આ ઘટ પૂરાય છે. બાકીના વિભાગોમાં આ ઘટ કયારે પૂરાશે તે સળગતો પ્રશ્ન બન્યો છે. મહેસાણા વિભાગના જુદા જુદા ડેપો મથકોએ ડ્રાઈવર કડંકટર વહીવટી સ્ટાફ તેમજ મિકેનીકલ સ્ટાફની ભારે ઘટના પરિણામે જવાબદાર અધિકારીઓ તનાવભરી પરિસ્થિતિમાં કામ કરી રહ્યા છે. આવી સ્થિતિને ધ્યાનમાં લઈને એસ.ટી. નિગમના વરિષ્ઠ સત્તાધીશોએ તાકીદે જરુરી સ્ટાફની ભરતી કરવી જોઈએ તેવો લોકમત છે.

# પાલનપુરમાં વીજળી આખો દિવસ ડૂલ થતાં શહેરીજનો ત્રાહિમામ

## પીવાના પાણી સહિત હોસ્પિટલોવાળા હેરાન-પરેશાન

પાલનપુર, તા. ૩

પાલનપુરમાં આજે રવિવારે સવારે ૮ કલાકથી સાંજે ૫.૩૦ થી વધુ સમય સુધી વીજળી ડૂલ થતાં શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા હતા.

આજે શહેરમાં સવારથી જ વિજકાપ અમલમાં આવતા શહેરીજનો ટીવી-મોબાઈલ ફોન ચાર્જીંગ, પીવાના પાણીના આરઓ પ્લાન્ટ, પંખા, મીક્ષ્ચર, જ્યુસર, ઘરની અગાસીમાં પાણીના ટાંકામા નીચેની ટાંકીમાંથી પાણી ઉપર ચઢાવવાની મોટર, પેટ્રોલપંપો અને ખાસ તો સિવિલ હોસ્પિટલ અનેક ખાનગી દવાખાનાઓમાં દાખલ દર્દીઓ, તબીબો સહીત અનેક પ્રકારે વર્તમાન સમયમાં વીજળી વગર જાણે લોકોને એક પળ પણ ના ચાલતું હોય તેમ ભારે કફોડી હાલતમાં મુકાયા હતા.

ઘણા વિસ્તારોમાં પીવાના પાણી વીજળીના લીધે ના આવતા શહેરીજનો તોબા પોકારી ગયા હતા. જ્યારે વર્તમાન પત્રો, સ્થાનિક ટીવી ન્યુઝચેનલોના કાર્યાલયો પણ લાઈટ વગર સાંજ સુધી સૂનમુન બન્યા હતા. સાંજે લાઈટ આવતા લોકો ખુશ થઈ પોતપોતાના કામે લાગી ગયા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮